મે ૨૦૨૬

# અક્રમ એક્સપ્રેસ



# રજ્જા... એ... મજ્જા...

## સંપાદકીય

બાળમિત્રો,

ઉનાળાની રજાઓ આવી ગઈ છે ! લાંબા લાંબા દિવસો, સ્વાદિષ્ટ કેરીઓ, મજેદાર ગેમ્સ અને મસ્ત મજાની વાર્તાઓ માટે ઘણો ઘણો સમય. વાર્તાઓ સાંભળવાની મજા સહુથી વધારે ક્યારે આવે ? જ્યારે કોઈ આપણને કહે ત્યારે.

આ ઉનાળાની રજાઓમાં થીઓ એન્ડ ફ્રેન્ડ્સે મળીને ડીડીમા જંગલના બધા જ પ્રાણીઓને અદ્ભુત વાર્તાઓ કહી. આ વાર્તાઓ હતી સામાન્ય બાળકોની. જેમણે અસામાન્ય કામો કર્યાં અને લિટલ હીરોઝ બની ગયા !

ચાલો, એ વાર્તાઓ સાંભળવા તૈયાર થઈ જઈએ. અને કદાચ વાંચતા વાંચતા ક્યાંક લિટલ હીરો બનવાનો રસ્તો મળી જાય !

- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ
May, 2026
Year 18, Issue : 09
Conti. Issue No.: 213
Published Monthly

સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2026, Mahavideh Foundation
All Rights Reserved

Price Per Copy: NIL

# સ્ટોરી સફારી

ડીડીમા જંગલમાં ઉનાળાની રજાઓ શરૂ થઈ ગઈ હતી. સૂરજદાદા તપી રહ્યા હતા, કેરીઓ પાકી ગઈ હતી, પણ આખા જંગલમાં 'શું કરું, શું કરું'નું વાતાવરણ છવાઈ ગયું હતું. થીઓ, રીઝો, જીફ્ફી અને ઝોઈ એક મોટા વડના ઝાડ નીચે બેઠા બેઠા વાતો કરી રહ્યા હતા.

થીઓ કંટાળતા બોલ્યો, 'કેટલી ગરમી છે ! હું તો પિઝાના ચીઝની જેમ ઓગળી રહ્યો છું.'

ઝોઈએ એની ચોપડી બંધ કરતા કહ્યું, 'આ બુક પણ વંચાઈ ગઈ. કેટલી મસ્ત હતી. પણ હવે શું ?'






ત્યાં જ જીફ્ફીની આંખોમાંથી ટપટપ આંસુ પડવા લાગ્યા. રીઝો પણ ફરિયાદ કરવા જતો જ હતો. પણ એને તો ફરિયાદ કરવાનો ચાન્સ જ ના મળ્યો. જીફ્ફીની વાત સાંભળીને રીઝો ચૂપ થઈ ગયો.

**જીફ્ફી :** મેં શું જોયું, ખબર છે ?

**રીઝો :** કેવી રીતે ખબર હોય ? તું ટૉપ ફ્લોર પર છે અને અમે ગ્રાઉન્ડ ફ્લોર પર. તને જે દેખાય છે એ અમને નથી દેખાતું. શું જોયું તેં ?

**જીફ્ફી :** વીકી વાંદરો બે ડોલ ભરીને પાણી લઈ આવ્યો. ટોરો કાચબાના ઘરની બહાર બે માટલા છે. એમાં એણે પાણી રેડી દીધું અને ગીત ગાતો ગાતો જતો રહ્યો. થોડા ટાઈમ પછી ટોરો બહાર આવ્યો, તો એને બહુ નવાઈ લાગી, કે એના માટલા ભરાઈ ગયા છે અને એ એકદમ ખુશ થઈ ગયો.

**રીઝો :** સાચે ? ટોરોના કહ્યા વગર જ આટલી ગરમીમાં વીકીએ ટોરો






માટે પાણી ભર્યું ? વીકી
કેટલો સારો કહેવાય !

'આઈડિયા !' ઝોઈ બોલી, 'આ તો એવી જ સ્ટોરી છે, જેવી મેં આ બુકમાં વાંચી. આપણે ડીડીમા જંગલમાં એક 'સ્ટોરી-સફારી'નું સેશન કરીએ તો ? એ સેશનમાં બધાને એવી વાર્તાઓ કહીએ જે રિયલ સુપરહીરોસની હોય.'

'એટલે ?' થીઓએ પૂછ્યું. ઝોઈએ બધાને એનો આઈડિયા સમજાવ્યો અને થીઓ એન્ડ ફ્રેન્ડ્સે મળીને ડીડીમા જંગલમાં 'સ્ટોરી-સફારી'નું આયોજન કર્યું. ત્રણ-ચાર દિવસમાં બધી જ તૈયારીઓ થઈ ગઈ. આમંત્રણ અપાઈ ગયા. તે રાત્રે ડીડીમા જંગલના લગભગ બધા જ પ્રાણીઓ ખુલ્લા આકાશ નીચે મસ્ત મજાની ઘાસની પથારી પર ગોઠવાઈને વાર્તાઓ સાંભળવા માટે તૈયાર થઈ ગયા.



# રોલ્સ રોયસ

થીઓએ પહેલી વાર્તા શરૂ કરી :

માની લો, કે તમારી પાસે કંઈક બહુ જ ખાસ છે, જે સ્કૂલમાં કોઈની પાસે નથી. તો તમે શું કરશો ? એ વસ્તુ બધાને બતાડશો કે નહીં ? હું એક એવા છોકરાની વાત કહીશ, જેની પાસે એવું કંઈક હતું, જે બીજા કોઈ પાસે નહોતું અને એણે કંઈક ખાસ કર્યું.

એ છોકરાનું નામ હતું રતન. રતને મુંબઈની એક પ્રખ્યાત સ્કૂલમાં એડમિશન લીધું હતું. સ્કૂલ તો રતનના ઘરેથી ખાસ દૂર નહોતી. પણ એના દાદીનો આગ્રહ હતો, કે એને રોજ સ્કૂલે મૂકવા-લેવા માટે રોલ્સ-રોયસ ગાડી જ જવી જોઈએ. નાનકડા રતનને આ વાત પસંદ નહોતી. મોટી ગાડીમાંથી ઊતરીને બધાનું ધ્યાન પોતાના તરફ ખેંચવું એને ગમતું નહોતું. સ્કૂલના છોકરાંઓ ઉપર આ રીતે ઈમ્પ્રેશન પાડવાની એને શરમ આવતી હતી.



પણ સાથે સાથે દાદીને નારાજ પણ નહોતા કરવા. એટલે એણે એક યુક્તિ કરી. એણે ડ્રાઈવરને કહ્યું, 'તમે મને સ્કૂલથી થોડે દૂર ઉતારજો અને એ જ જગ્યાએ પાછા લેવા આવજો.' અને બસ, એ દિવસથી કોઈ જુએ નહીં એ રીતે, સ્કૂલથી દૂર ગાડીમાંથી ઊતરીને, રતન બીજા બાળકોની જેમ ચાલીને જ સ્કૂલમાં પ્રવેશ કરતો.



આમ, રતનને બીજા કરતાં વધુ વિશેષ નહોતું દેખાવું અને સામાન્ય રહીને બધા સાથે ભળી જવું હતું. આ વાત હતી ભારતના મોટા ઉદ્યોગપતિ રતન ટાટાની. ખૂબ સફળતા મેળવ્યા બાદ પણ તેઓ એટલા જ વિનમ્ર રહ્યા જેટલા નાનપણમાં હતા. તેઓ ટાટા કંપની અને ભારત દેશના અમૂલ્ય રતન સાબિત થયા અને હજારો યુવકો માટે એક 'સાચા હીરો' બની ગયા.






થીઓએ વાર્તા પૂરી કરીને કહ્યું, ‘આ વાર્તા વાંચીને હું સમજી ગયો છું, કે મહાન વ્યક્તિઓ મોટાઈ બતાવીને નહીં, પણ વિનમ્ર રહીને મહાન બને છે.’ થીઓનું આવું મોટું વાક્ય સાંભળીને બધા વાહ વાહ કરવા લાગ્યા.

થીઓ થોડો શરમાઈ ગયો અને સ્ટેજ પરથી નીચે ઊતર્યો.

## જ્ઞાનીઓ કહે છે...



બે-ચાર ગાડીઓ પોતાની પાસે હોય પણ એનું અભિમાન ના કરાય. અભિમાન કરે કે (એ વસ્તુઓની) જવાની તૈયારી થાય. જ્યારે આપણી પાસે વિશેષ સાંસારિક સાધનો (એટલે કે ગાડી, બંગલા, સારા ગૅજેટ્સ વગેરે) હોય ત્યારે નમ્રતા હોવી જોઈએ.

# કભી અગર પરીક્ષા મેં ફેલ હો જાઓ...



બીજી વાર્તા કહેવા માટે રીઝો સ્ટેજ પર આવ્યો. માઈક હાથમાં લઈને એણે પૂછ્યું, તમે સ્કૂલમાં ક્યારેય કોઈ વિષયમાં ફેઈલ થયા છો ? હું થયો છું. એક વાર હું હિન્દીમાં ફેઈલ થયો હતો. ફેઈલ થયા પછી મને એવું લાગતું હતું, કે હું હિન્દીમાં બહુ કાચો છું. પણ, આ સ્ટોરી વાંચ્યા પછી મારો વિચાર સાવ બદલાઈ ગયો.

આ વાર્તા છે ભારતના બહુ મોટા લેખક આર. કે. નારાયણની. ઘણા વર્ષો પહેલા ટી.વી. પર એક શો આવતો હતો. ‘માલગુડી ડેઝ’ તે સમયના બાળકોનો એ ફેવરિટ શો હતો. આ શો એક નવલકથા પરથી બન્યો હતો. જેના લેખક આર. કે. નારાયણ હતા. આ પુસ્તક એમણે અંગ્રેજીમાં લખ્યું હતું. તો નાનપણથી જ એમને અંગ્રેજીમાં સારા માર્કસ આવતા હશે ને ? ના !






હકીકતમાં તો તેઓ યુનિવર્સિટીની એન્ટ્રન્સ એકઝામમાં અંગ્રેજી વિષયમાં નાપાસ થયા હતા. એમના માર્ક્સ જોઈને એમના પરિવારને ખૂબ આંચકો લાગ્યો હતો. કારણ કે અંગ્રેજી એમનો પ્રિય વિષય હતો. માર્ક્સ એટલા ખરાબ હતા, કે ઘણાને થયું કે એમને અંગ્રેજી ભાષા આવડતી જ નથી.

ઉદાસ કે ગુસ્સે થવાને બદલે નારાયણે કંઈક અલગ જ કર્યું. એમણે આખું વર્ષ અંગ્રેજી ભાષા સારી રીતે શીખવાનો વિચાર કર્યો અને બિલકુલ હાર ના માની. તેઓ લાઈબ્રેરીમાંથી અંગ્રેજી પુસ્તકો લઈ આવ્યા અને વાંચવાનું શરૂ કર્યું. વાર્તાઓ વાંચતા વાંચતા એમને જાતજાતના વિષયો પર વાર્તાઓ લખવાના આઈડિયા પણ આવ્યા.

એમને ક્યારેય એવું ના લાગ્યું, કે નાપાસ થવાને કારણે એમનું એક વર્ષ બગડ્યું અને અંગ્રેજી એમનો ના ગમતો વિષય પણ ના થયો. એ વર્ષમાં એમણે એટલું બધું વાંચ્યું, વિચાર્યું અને લખ્યું, કે લેખક બનવા માટે જાણે બધી તૈયારીઓ થઈ ગઈ.






બીજા વર્ષે તેઓ પાસ થયા અને કૉલેજમાંથી ડિગ્રી પણ મેળવી લીધી.

રીઝોએ છેલ્લું વાક્ય હિન્દીમાં કહ્યું, 'તો કભી અગર પરીક્ષા મેં ફેઈલ હો જાઓ, તો હાર મત માનના. કભી કભી અચ્છી કહાનિયોં કી શુરૂઆત એસે ભી હોતી હૈ.'

બધાએ તાળીઓ પાડી. હવે રીઝો પછી જીફફીનો વારો હતો.

## જ્ઞાનીઓ કહે છે...

માર્ક્સ ઓછા આવ્યા છે તો વધારે મહેનત કરો તો વધારે માર્ક્સ આવશે. પણ ડિસ્ટર્બ નથી થવું. સમજીને ઈમ્પ્રૂવમેન્ટ લાવવાનું. ધીમે ધીમે આપણો પાવર વધશે. આપણે ડિસ્ટર્બ થઈ જઈએ તો તાકાત જતી રહે.



# કોઈ ડરાવે તો...



જીફ્ફી સ્ટેજ પર ચઢ્યો. એણે વાર્તા શરૂ કરી.

આ વાર્તા કલકતામાં રહેતા નાનકડા નરેન્દ્રની છે. આઠ વર્ષના નરેન્દ્રના ઘરની નજીક એક જૂનું વડનું ઝાડ હતું. તેની ફેલાયેલી ડાળીઓ પર ચઢ-ઊતર કરવાની બાળકોને ખૂબ મજા પડતી. નરેન્દ્ર અને તેના મિત્રો માટે એ પ્રિય સ્થળ હતું. સ્કૂલેથી આવ્યા પછી દરરોજ બપોરે નરેન્દ્ર અને તેના મિત્રો ત્યાં ભેગા થતા. તેઓ થડ પર ચઢતા, લટકતી ડાળીઓ પર ઝૂલતા અને કલ્પના કરતા જાણે તેઓ કોઈ જાદુઈ જંગલમાં સફર કરી રહ્યા છે. એક દિવસ જ્યારે બાળકો ઝાડ પર ચઢી રહ્યા હતા, ત્યારે એક વૃદ્ધે બૂમ પાડી, 'ઝડપથી નીચે ઊતરી જાઓ. આ ઝાડ પર ભૂત રહે છે. એ તમને સજા કરશે, તમને નુકશાન પહોંચાડશે.'






બાળકોની મજા ડરમાં ફેરવાઈ ગઈ. એક પછી એક, તેઓ ઝાડ પરથી નીચે ઊતર્યા. સહુના ચહેરાનો રંગ ઊડી ગયો, સિવાય કે નરેન્દ્રનો.

બીજા દિવસે ઝાડ સાવ શાંત હતું. કોઈ બાળકો ત્યાં રમવા ના ગયા. નરેન્દ્ર એકલો જ હતો. રોજની જેમ એ ઝાડ પર ચઢી ગયો.

વાર્તા કહેતા કહેતા જીફ્ફીને સહેજ પણ ડર નહોતો લાગતો. જાણે નરેન્દ્રની વાર્તા વાંચીને એનામાં પણ શક્તિ આવી ગઈ હતી ! એણે વાર્તા આગળ વધારી...

નરેન્દ્રના મિત્રોએ એને દૂરથી જોયો. તેઓ ઝાડ પાસે ગભરાતા ગભરાતા ગયા અને નીચે ઊભા રહીને નરેન્દ્રને મોટેથી પૂછ્યું, 'ભૂત તને પકડી લેશે તો ? તને ડર નથી લાગતો ?'

નરેન્દ્રએ ઝાડ પરથી નીચે ભૂસ્કો માર્યો અને એના મિત્રો સામે શાંતિથી જોઈને કહ્યું, 'વિચારો તો ખરા, આપણે આ ઝાડ પર કેટલી વાર ચઢ્યા છીએ. શું કોઈ ભૂતે ક્યારેય આપણને હેરાન કર્યા છે ? કોઈ આપણને ડરાવે તો વિચાર્યા વગર ડરી જ કેમ જવાય ?!'

બાળકો એકબીજા સામે જોઈ રહ્યા હતા. વાત તો નરેન્દ્રની સાવ સાચી



હતી. બાળકોને સમજાયું, કે કોઈના ડરાવવાથી ડરી ના જવું જોઈએ, પોતાની સમજણનો ઉપયોગ કરવો જોઈએ.

વર્ષો પછી, એ નાનકડો નીડર બાળક સ્વામી વિવેકાનંદ બન્યો. એમણે લાખો લોકોને સાચા રસ્તે જવાની પ્રેરણા આપી.

'હવે મેં પણ નક્કી કર્યું છે, કે નરેન્દ્રની જેમ હું પણ ક્યારેય કોઈના ડરાવવાથી ડરીશ નહીં !', એમ કહી જીફફી હસતા હસતા સ્ટેજ પરથી નીચે ઊતર્યો. બધાએ ખૂબ તાળીઓ પાડી. ખબર નથી કે વધારે તાળીઓ કેમ પાડી. વાર્તા માટે ? કે પછી જીફફીને આમ હસતો જોઈને... !'





## જ્ઞાનીઓ કહે છે...

પાછલો ડર આવે, કે આમ થશે તો ?

તો કહેવાનું, કે મને જોવા દે, શું થાય છે.

ખરેખર કંઈ થયું ? નથી થયું. આ ચકલા હોય છે ને, તે ફટાકડો ફૂટે ને તો પહેલી વખત બધા ઊડી જાય. પછી બીજી વખત ફટાકડો ફૂટે ને તો બે-ચાર ઊડે ને બાકીના જુએ અને ત્રીજી વખત જુએ પણ નહીં અને નિરાંતે ચણ્યા કરે. ચકલા કરતાં તો આપણે વધારે હિંમતવાળા કહેવાઈએ ને ? દાદા ભગવાન પાસે શક્તિ માંગજો, કે 'ડરમાંથી બહાર નીકળી શકું, નૉર્મલ વ્યવહાર કરી શકું...' પ્રાર્થના કરજો, કે 'દાદા-નીરુમા મારી જોડે રહેજો !', તો કશું નહીં થાય.

# છ સેન્ટ



પછીની વાર્તા કહેવા ઝોઈ સ્ટેજ પર આવી. ઝોઈને વાર્તા મોઢે જ હતી. એની પાસે કોઈ કાગળ નહોતો. એણે વાર્તા શરૂ કરીઃ

અમેરિકાના ન્યૂ સેલેમ નામના એક ગામમાં અબ્રાહમ નામનો એક યુવાન રહેતો હતો. કરિયાણાની એક નાની દુકાનમાં તે કામ કરતો હતો.

એક સાંજે દુકાન બંધ કર્યા પછી અબ્રાહમ હિસાબ કરવા બેઠો હતો. પૈસા ગણતા ગણતા એ અટકી ગયો. એણે કાળજીપૂર્વક ફરી પોતાની નોટબુક વાંચી અને વિચાર્યું, 'અરેરે... આ તો મારી ભૂલ થઈ ગઈ. એક મહિલા પાસેથી છ સેન્ટ* વધારે લેવાઈ ગયા છે !' હિસાબ તપાસ કરતા એને ખબર પડી.

બહાર અંધારું થઈ ગયું હતું. આખો દિવસ કામ કર્યા પછી અબ્રાહમ થાકી ગયો હતો. તોય સહેજ પણ વિચાર કર્યા વગર એણે





શબ્દ સમજ : છ સેન્ટ* - જેમ ભારતમાં 'પૈસા' અને 'રૂપિયા'નું ચલણ છે, એમ અમેરિકામાં 'સેન્ટ' અને 'ડૉલર'નું ચલણ છે. છ સેન્ટ એટલે આશરે તે વખતના બાર પૈસા.



દુકાન બંધ કરી. ટોપી પહેરી અને ઘણા માઈલ ચાલીને અબ્રાહમ પેલી મહિલાના ઘરે પહોંચી ગયો. અબ્રાહમને પોતાના ઘરે જોઈને મહિલાને બહુ જ નવાઈ લાગી.

અબ્રાહમે પૈસા આપવા હાથ લંબાવ્યો અને કહ્યું, ‘છૂટ્ટા પૈસા પાછા આપવામાં મેં ભૂલ કરી હતી. આ તમારા છ સેન્ટ.’

એ મહિલાને તો વિશ્વાસ જ ના આવ્યો, કે ફક્ત છ સેન્ટ પાછા આપવા કોઈ આટલું બધું ચાલીને આવે ! મહિલાએ આભાર માન્યો અને અબ્રાહમ ઘરે પાછો ફર્યો.

ભૂલ તો નાની જ હતી. જો અબ્રાહમે પૈસા પાછા ના આપ્યા હોત તો કોઈને ખબર પણ ના પડત. પણ અબ્રાહમને પોતાને તો ખબર હતી ને ? એમને અપ્રમાણિકતાનો ભાર લઈને નહોતું ફરવું. ભૂલ નાની હોય કે મોટી,






અબ્રાહમ માટે પ્રમાણિક રહેવું સહુથી વધુ મહત્ત્વપૂર્ણ હતું.

આ પ્રામાણિક યુવાન મોટા થઈને અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા, અબ્રાહમ લિંકન. એમણે દેશની પ્રગતિ માટે ખૂબ કામો કર્યા.

ઝોઈએ વાર્તા પૂરી કરી અને કહ્યું, 'હવે હું પણ હંમેશા પ્રામાણિક જ રહીશ. જ્યારે કોઈ મને જોઈ નથી રહ્યું, ત્યારે પણ.'

## જ્ઞાનીઓ કહે છે...

પ્રામાણિકતા એટલે કોઈનું કંઈ પણ ખોટું આપણા ઘરમાં ના આવે એવી રીતે રહેવું.



# ટિકિટ

જીફફી ફરી સ્ટેજ પર ચઢ્યો. પણ આ વખતે એનો ચહેરો રડમસ હતો. એણે બોલવાનું શરૂ કર્યું.

આ વાર્તા છે ગુજરાતના એક યુવાનની. નામ એમનું વલ્લભભાઈ પટેલ. વ્યવસાયે તેઓ વકીલ હતા. અને ખૂબ કુશળ હતા. એમનું એક મોટું સપનું હતું, ઈંગ્લેન્ડ જઈને મોટા બૅરિસ્ટર બનવાનું. એક-એક પૈસો બચાવીને એમણે ભણતર માટે પૈસા ભેગા કર્યા.

આખરે પૂરતા પૈસા ભેગા થઈ ગયા. વલ્લભભાઈએ ઈંગ્લેન્ડની ટિકિટ માટે અરજી કરી. બધી તૈયારીઓ થઈ ગઈ. ટિકિટ ઘરે પોસ્ટ થઈ. એ ટિકિટ પર નામ હતું, વી.જે.પટેલ. એટલે કે વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલનું ટૂંકું નામ. પણ પછી એવું કંઈક બન્યું જે વલ્લભભાઈએ વિચાર્યું જ નહોતું. બોલતા બોલતા જીફફીના ગળામાં ડૂમો ભરાઈ ગયો. એણે એક ઘૂંટડો પાણી પીધું અને વાર્તા આગળ કહી.

વલ્લભભાઈના મોટાભાઈ વિઠ્ઠલભાઈએ આ કાગળ જોયો. ઘણા વર્ષોથી એમને પણ ઈંગ્લેન્ડ જઈને આગળનું ભણવાની ઈચ્છા હતી. પણ આ સપનું





પૂરું કરવા એમણે કોઈ પ્રયત્નો કર્યા નહોતા. પોતાની આંખો સામે ટિકિટ પરનું નામ જોઈને વિઠ્ઠલભાઈને વિચાર આવ્યો, કે મારું નામ પણ 'વી.જે.પટેલ' જ છે ને ! જો હું વલ્લભની જગ્યાએ જાઉં તો ?

એમણે વલ્લભભાઈને આ વિષે પૂછ્યું, 'ભાઈ, તું મને આ ટિકિટ પર જવા દઈશ ? હું તારાથી મોટો છું. એટલે મારું ભણતર તારા કરતાં પહેલા પૂરું થાય તો વધુ સારું.'

ઈંગ્લેન્ડ જઈને આગળ ભણવાનું સપનું પૂરું કરવા માટે વલ્લભભાઈએ ખૂબ મહેનત કરેલી. પણ મોટા ભાઈની વિનંતી આગળ એમણે કશું જ ના વિચાર્યું. પોતાનું સપનું પૂરું કરવા કરતાં મોટાભાઈનું દિલ સાચવવું એમના માટે વધુ મહત્ત્વનું હતું. એટલે એમણે રાજીખુશી પોતાની ટિકિટ વિઠ્ઠલભાઈને આપી દીધી.

આટલું બોલતા જ જીફ્ફી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો અને રડતા રડતા બોલ્યો, "વલ્લભભાઈ પટેલ 'લોખંડી પુરુષ' તરીકે ઓળખાય છે. પણ સ્ટ્રોંગ હોવું એટલે એવું નહીં, કે તમે રેસમાં






પહેલા નંબરે આવો કે મોટા મોટા લાકડા ઊંચકો ! સ્ટ્રોંગ એટલે વલ્લભભાઈ જેવા. વલ્લભભાઈએ પોતાનું સપનું અધૂરું ના છોડ્યું. વિઠ્ઠલભાઈ ભણીને ભારત પાછા આવ્યા, પછી વલ્લભભાઈ ઈંગ્લેન્ડ ગયા. તેઓ મોટા બૅરિસ્ટર બનીને ભારત પાછા આવ્યા. ભારતની સ્વતંત્રતા માટે એમણે ખૂબ કામ કર્યું અને 'સરદાર' તરીકે ઓળખાયા.''

ઝોઈ સ્ટેજ પર આવી અને જીફ્ફીને આંસુ લૂછવા માટે ટિસ્યૂ આપ્યું. માઈક હાથમાં લઈને ઝોઈ બોલી, 'આપણે સ્ટૅચ્યૂ ઑફ યુનિટી જોયું હતું ને ? એ સ્ટૅચ્યૂ આપણા સરદાર વલ્લભભાઈ પટેલનું છે.' જીફ્ફી સ્ટેજ પરથી નીચે ઊતર્યો અને ઝોઈએ પછીની વાર્તા શરૂ કરી.

## જ્ઞાનીઓ કહે છે...

### દાદાના હૃદયની વિશાળતા

દાદાએ આખી જીંદગી પોતાનું સુખ લોકોને આપી દીધેલું. દાદા કહેતા, 'મને સુખ ના મળે તેનો વાંધો નહીં, તમને બધાને થવું જોઈએ. મારા સુખ ભણી (તરફ) તો મેં જોયું જ નથી અને મને દુઃખ પડ્યું નથી. કારણ કે પારકા હારુ (માટે) જીવનારને દુઃખ હોય કશું !?'



# ઊંચી ઉડાન



આ વાર્તા છે એક તેજસ્વી છોકરીની, જે હરિયાણા રાજ્યના નાનકડા શહેર કરનાલમાં રહેતી હતી. નાનપણમાં ઘરમાં એને બધા વહાલથી 'મોન્ટુ' કહીને બોલાવતા. મોન્ટુને આકાશ તરફ જોવું બહુ જ ગમતું. જ્યારે પણ કોઈ વિમાન તેના ઘર ઉપરથી પસાર થતું જોવે તો તેની આંખો ચમકતી અને એને વિચારો આવતા, કે આ વિમાન કેવી રીતે ઊડે છે ? તે ક્યાં જઈ રહ્યું છે ? શું હું પણ એક દિવસ વિમાનમાં ઊડી શકીશ ? વિમાનો, તારલાઓ અને રોકેટ્સના ચિત્રો મોન્ટુ બનાવતી.

સ્કૂલમાં પ્રવેશ લેવાનો સમય આવ્યો. ત્યાં સુધી બધા એને 'મોન્ટુ' કહીને જ બોલાવતા. સ્કૂલમાં પ્રવેશ લેતી વખતે આચાર્ય સાહેબે એન પોતાનું નામ જાતે જ પસંદ કરવાની તક આપી અને એણે પોતાનું નામ પસંદ કર્યું, કલ્પના. આ તો બસ શરૂઆત હતી. કલ્પના એની આખી જીંદગી પોતાની પસંદગીથી જીવી, નહીં કે લોકોની દેખાદેખીથી.

શાળામાં જ્યારે મોટાભાગની છોકરીઓ ચોટલો વાળતી, ત્યારે કલ્પના ટૂંકા વાળ રાખતી હતી. તે દિવસોમાં વાળ કાપવા માટે એમના ઘર પાસે કોઈ



બ્યુટી પાર્લર નહોતા. એટલે એ એના વાળ જાતે જ કાપતી હતી. જ્યારે બીજી છોકરીઓ સલવાર કમીઝ પહેરતી, ત્યારે કલ્પના પેન્ટ-શર્ટ પહેરતી કારણ કે એ પોશાક એના માટે વધુ આરામદાયક હતો.



નાનપણથી જ કલ્પના વિમાનો પ્રત્યે આકર્ષિત હતી. કૉલેજમાં પ્રવેશ લેવાનો સમય આવ્યો ત્યારે કલ્પનાના પિતાની ઈચ્છા હતી, કે એ ડૉક્ટર અથવા ટીચર બને. પણ કલ્પનાને તો એરોનૉટિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરવો હતો. એરોનૉટિકલ એન્જિનિયરિંગ એટલે જે ઊડી શકે છે એવી વસ્તુઓ જેમ કે વિમાનો, રોકેટ્સ વગેરેને ડિઝાઈન કરતા અને બનાવતા શીખવું. ઘણા લોકોએ એને આ લાઈનમાં જવા માટે રોકવાનો પ્રયત્ન કર્યો. પણ કલ્પના ના માની. એને તો આ જ વિષય ભણવો હતો અને એમાં જ એણે પ્રવેશ મેળવ્યો. તે પોતાના વર્ગમાં પ્રથમ મહિલા વિદ્યાર્થી હતી. પંજાબ એન્જિનિયરિંગ કૉલેજમાંથી એરોનૉટિકલ એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવીને કલ્પનાએ અમેરિકાની યુનિવર્સિટીમાંથી એરસ્પેસ એન્જિનિયરિંગમાં



# Story Safari



માસ્ટર્સ અને Ph.Dની ડિગ્રીઓ મેળવી.

કલ્પના ચાવલાએ મોટું સપનું જોવાની હિંમત રાખી અને એ સપનું પૂરું કરવા માટે સખત મહેનત કરી. વર્ષો પછી એમણે ખૂબ જ ઊંચી ઉડાન ભરી. ફક્ત આકાશમાં જ નહીં, પણ અવકાશમાં (સ્પેસમાં) ! તેઓ પ્રથમ મહિલા અવકાશયાત્રી બન્યા.

ઝોઈએ એની વાર્તા પૂરી કરતા કહ્યું, ‘બધા એકબીજાનું જોઈને નકલ કરે છે. પણ કલ્પનાએ કોઈની નકલ ના કરી. ફક્ત પોતાના દિલની વાત સાંભળી.’ તે જ ક્ષણે ઉપર આકાશમાં વિમાનનો અવાજ સંભળાયો. બધાની નજર ઉપર ગઈ અને થોડી ક્ષણો માટે મોટા સપનાં જોનાર નાનકડી કલ્પનાને યાદ કરી.

## જ્ઞાનીઓ કહે છે...

કો’કની નકલ કરે એ નકલી કહેવાય અને પોતાની રીતે પોતાની સમજણથી ચાલતા હોય એ અસલ કહેવાય.



# સેશન સમાપ્ત

છેલ્લી વાર્તા સમાપ્ત થઈ. હળવી શાંતિ છવાઈ ગઈ. આગિયા ચમકી રહ્યા હતા અને ઉનાળાની રાતમાં પણ ઠંડો પવન લહેરાતો હતો. બધાને થોડી થોડી ઊંઘ પણ આવી રહી હતી. થીઓ, રીઝો અને જીફ્ફી પણ ઝોઈ સાથે સ્ટેજ પર જોડાયા.

થીઓએ મોટું બગાસું ખાધું અને બોલ્યો, ‘વાહ... કોને ખબર હતી, કે ફિલ્મ્સના સુપરહીરોઝ કરતાં પણ રિયલ લાઈફના બાળકો વધુ શાનદાર હોઈ શકે !’

રીઝોએ હામી ભરતા કહ્યું, ‘એમની પાસે સુપરહીરોઝ જેવી ઊડતી ચાદરો નહોતી, પણ હિંમત હતી.’






'અને સહુથી મહત્ત્વની વાત, કે તેઓ પણ આપણા જેવા જ હતા. સામાન્ય બાળકો, જેમણે કંઈક અસામાન્ય કરી બતાવ્યું !', ઝોઈએ ઉમેર્યું.

જીફ્ફી બોલ્યો, 'બની શકે, કે ડીડીમા જંગલમાં પણ આવા લિટલ હીરોઝ હોય. એકને તો મેં જ જોયો હતો.' અને જીફ્ફીએ વીકી વાંદરા તરફ જોયું.

'અથવા બહારની દુનિયામાં પણ હોય.' થીઓ બોલ્યો, 'એવું પણ બની શકે, કે આ લિટલ હીરોઝ અત્યારે અક્રમ એક્સપ્રેસમાં આ વાર્તાઓ વાંચી રહ્યા હોય ! લિટલ હીરોઝની ખાસિયત તો એ જ છે, કે તેઓ દરેક જગ્યાએ છે. જે બાળક માગ્યા વગર સામાની મદદ કરે છે, પોતાની વસ્તુઓ બીજા સાથે શેર કરે છે, બહાદુર રહે છે અને ભલે અઘરું હોય, તો પણ સાચા રસ્તે જ ચાલે છે, તે લિટલ હીરો જ છે ને !'




આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
Click Here : https://dbf.adalaj.org/R32d924x

આલુ ચીલીને ટાકો ઘોડાની વાત કરે છે, જેનું સપનું રેસકોર્સમાં ભાગ લેવાનું હોય છે. જે ખુબ મહેનત કરીને રેસકોર્સમાં ભાગ લેવા જાય છે અને ત્યાં બ્રાઉની તેનો બેસ્ટ ફ્રેન્ડ બની જાય છે. પણ આ રેસમાં કંઈ એવું બને છે જેનાથી ટાકો રેસ અને બ્રાઉની બંનેને ગુમાવી દે છે. ચાલો આપણે આલુ પાસે સાંભળીએ રેસમાં શું થાય છે ?

જ્યારે જ્યારે ટાકો અને બ્રાઉની પ્રેક્ટીસ કરતા ત્યારે ત્યારે ટાકો મસ્તીમાં બ્રાઉનીને કહેતો, 'બ્રાઉની તું જીતીશ તો હું તને મારા જંગલમાં લઈ જઈશ. અને ત્યાં તને એક મોટી પાર્ટી આપીશ. અને હું જીત્યો તો ?' તો બ્રાઉની કહેતો, 'જીતીશ તો હું જ !' દર વખતે આ સાંભળીને ટાકોને બ્રાઉનીનો આત્મવિશ્વાસ ખૂબ ગમતો. બહુ મોડી ખબર પડી કે એનો આત્મવિશ્વાસ નહીં પણ કંઈક બીજું હતું.

રેસના દિવસે જ્યારે ટાકો ને બ્રાઉની બંને બાજુમાં ઊભા રહ્યા તો ટાકોએ કીધું, 'બ્રાઉની મને થોડો ડર લાગે છે.' જાણે એની વાત સાંભળી જ ના હોય એમ બ્રાઉનીએ જવાબ આપ્યો, 'આજે તો ટ્રોફી મારી જ થશે, જીતીશ તો હું જ !' ટાકો એને જોઈ રહ્યો, એ આગળ કંઈ બોલે ત્યાં તો ટ્રેકના દરવાજા ખુલી ગયા. અને બહારથી લોકોનો અવાજ આવવા લાગ્યો.




એ સાંભળતા જ ટાકોના ડરની જગ્યા એના ઉત્સાહે લઈ લીધી. એણે દોડવાનું ચાલું કર્યું, ઉપર ભૂરું આકાશ, નીચે ભીની માટી અને સાઈડમાં બેઠેલા લોકોની ચીચીયારી અને ઉત્સાહ, કેટલીયે વાર એણે આ ટીવીમાં જોયું હતું. આની માટે તો એ અહીંયા આવ્યો હતો. એના ઉત્સાહ સાથે એની સ્પીડ પણ વધતી ગઈ. ધીમે ધીમે કરતા એ બધા ઘોડા કરતા આગળ થઈ ગયો.



ટાકો પોતાની જ મસ્તીમાં દોડી રહ્યો હતો ત્યાં, 'જીતીશ તો હું જ !' એને પાછળથી બ્રાઉનીનો અવાજ આવ્યો. એણે થોડા ધીરા પડીને જોયું તો બ્રાઉની એકદમ ઝનૂન સાથે દોડીને આવી રહ્યો હતો. એની આંખોમાં એક ખુન્નસ હતું. જાણે એને ટાકો દેખાતો જ નહોતો. એ ફરી બોલ્યો, 'જીતીશ તો હું જ !' ટાકો હજી ધીરો પડ્યો. બ્રાઉની એની બાજુમાં આવી પહોંચ્યો. એની બાજુમાં આવતા જ જાણે ટાકો ગરમ આગને અડી ગયો હોય એવું લાગ્યું. 'બ્રાઉની, ધીમો પડ, તારો શ્વાસ બહુ ચડી ગયો છે.' એણે બ્રાઉનીને હાંફતા જોઈને કહ્યું. 'જીતીશ તો હું જ !' બોલીને બ્રાઉનીએ પોતાની સ્પીડ વધારી. એનો શ્વાસ એટલો જોરથી ચાલતો હતો કે ટાકોને રેસ ભૂલાઈ ગઈ અને એની ચિંતા થવા માંડી. એને બૂમ પાડતા કહ્યું, ''બ્રાઉની, ધીરે... તું પડી જઈશ.'' એની વાત સાંભળીને બ્રાઉની પાછો વળ્યો, ફરી એ જ ખુન્નસ સાથે એને ટાકોને જોયો એને બોલ્યો, ''તને નહીં જીતવા દઉં, જીતીશ તો હું જ''. અને એણે હજી પોતાની સ્પીડ વધારી. એનું મોઢું અને ગુસ્સો જોઈને ટાકો રેસકોર્સની વચ્ચે જ ઊભો રહી ગયો. અને



દૂર જતાં બ્રાઉનીને જોઈ રહ્યો. જાણે બ્રાઉની નહીં એમની ફ્રેન્ડશીપ પણ દૂર જઈ રહી હતી.

ટાકોએ ફરી ફૂલ સ્પીડમાં દોડવાનું ચાલુ કર્યું. એ ફીનીશ લાઈન પાસે પહોંચ્યો, અને એણે જોયું કે બ્રાઉનીએ ફીનીશ લાઈન ક્રોસ કરી લીધી છે. એ ફર્યો અને હાંફતા હાંફતા બોલ્યો, 'ટાકો, મેં તને હરાવી દીધો. તને શું લાગતું હતું, એક નાના જંગલના ઘોડાથી હું હારી જઈશ ? અને પછી ધબાક કરીને જમીન પર પડ્યો. ટાકો




દોડીને એની પાસે ગયો. બ્રાઉની બેભાન થઈ ગયો હતો.

એને તરત જ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ડોક્ટરે કીધું કે આટલું સ્પીડમાં દોડવાથી અના બંને પગ ફ્રેક્ચર થઈ ગયા હતા. એટલું જ નહીં એના ફેફસામાં બ્લીડીંગ થયું હતું. જો એ હજી બે જ મિનિટ આવી રીતે દોડત તો કદાચ એ એનો જીવ ગુમાવી દેત.

આ વિચારથી ટાકોની આંખમાં આંસુ આવી ગયા. એક જ વિચાર એને સતાવવા લાગ્યો, ‘શું જીતવું જીવવા કરતા પણ વધારે મહત્ત્વનું છે ?’ એને થતું હતું કે ‘હાશ, મારો બેસ્ટ ફ્રેન્ડ બ્રાઉની બચી ગયો.’ એને ખબર નહોતી કે એનો બેસ્ટ ફ્રેન્ડ બચી ગયો છે પણ હવે એ એનો બેસ્ટ ફ્રેન્ડ રહ્યો નથી.




‘શું ખરેખર જીતવું આટલું જરુરી છે ? કે એની પાછળ મિત્રતા, હેલ્થ, શાંતિ બધું જ ગુમાવવા આપણે તૈયાર થઈ જઈએ છીએ ?’ હવે આગળ શું થશે ? બ્રાઉની અને ટાકોની ફ્રેન્ડશીપ કેમ તૂટી ગઈ ?

# My Creation

**વેકેશનમાં પેરેન્ટ્સની હેલ્પ લઈને ફ્રી ટાઈમાં બનાવો ક્રિએટીવ Craft...**

**મટીરિઅલ**



**મનપસંદ ઊનના દોરાથી ચિત્ર તૈયાર કરો.**

**A4 સાઈઝનું એક વ્હાઇટ કલર પેપર લો.**





**કાગળ પર તમને ગમતી અથવા ચિત્રમાં આપેલી ડિઝાઇન દોરો.**

**હવે થોડા થોડા ભાગમાં ડીઝાઈન પ્રમાણે ફેવિકોલ લગાડો.**





ડીઝાઈન પ્રમાણે જ્યાં ફેવિકોલ લગાવ્યો છે એ પ્રમાણે ઊનને ચોંટાડતા જાવ.



જરૂર મુજબ ઊનને કાપતા જાવ.



ઊનને હળવા હાથેથી પ્રેસ કરો અને આઉટલાઈન બનાવતા જાવ.



તમારા મનપસંદ ઊનનું ચિત્ર તૈયાર છે.